### કેન્દ્ર સરકારની "વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ" યોજનામાં

# જરી-જરદોશી, જેમ્સ-જ્વેલરી સહિત સુરતની 3 પ્રોડક્ટને પણ સ્થાન

**ડાંગની** નાગલીની વસ્તુઓ સહિત દક્ષિણ ગુજરાતની 17 વસ્તુને વૈશ્વિક બજારમાં ઓળખ મળશે

**ગુજરાતના** 33 જિલ્લામાંથી 90 પ્રોડક્ટ અને 1310 કારીગરની પસંદગી, રાજ્યસભામાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા એ "વન ડિસ્ટ્રક્ટ વન પ્રોડક્ટ" મુદ્દે પ્રશ્ન ઉઠાવ્યો

સુરતઃ સંસદના વર્તમાન સત્રમાં રાજ્યસભામાં સાંસદ ગોવિંદભાઈ ધોળકીયાએ "વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ" મુદ્દે ઉઠાવેલા પ્રશ્નનો વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના રાજ્યકક્ષાના મંત્રી જીતેન્દ પ્રસાદે મહત્ત્વપૂર્ણ ઉત્તર પાઠવ્યો હતો. કેન્દ્ર સરકારની "વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ" યોજનામાં જરી-જરદોશી, જેમ્સ | જ્વેલરી સહિત સુરતની 3 પ્રોડક્ટને પણ સ્થાન મળ્યું છે. ડાંગની નાગલીની વસ્તુઓ સહિત દક્ષિણ ગુજરાતની 17 વસ્તુને વૈશ્વિક બજારમાં ઓળખ મળશે. ગુજરાતના 33 જિલ્લાઓમાંથી 90 પ્રોડક્ટ અને 1310 કારીગરોની પસંદગી કરવામાં આવી હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

"વન ડિસ્ટ્રિક્ટ, વન પ્રોડેક્શન" યોજના અંગે પૂછાયેલા પ્રશ્ન અંગે મંત્રીએ પોતાના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે "વન ડિસ્ટ્રીક્ટ વન પ્રોડક્ટ" પહેલ હેઠળ દેશમાં કુલ 773 જિલ્લામાંથી 1200થી વધુ ઉત્પાદનોની ઓળખ અને પસંદગી કરવામાં આવી છે. ODOP યોજનામાં ગુજરાતના 33 જિલ્લામાંથી કુલ 90 ઉત્પાદનોની પસંદગી કરવામાં આવી છે, જેમાંથી 31 જેટલા ઉત્પાદનો કુટીર ઉદ્યોગ સાથે સંબંધિત છે. જેમાં સુરત જિલ્લામાંથી 3 ઉત્પાદનમાં જેમ્સ એન્ડ જ્વેલરી (ઈન્ડસ્ટ્રીઝ), જરી-જરદોશી (કુટીર ઉદ્યોગ) અને સદેલી (કુટીર ઉદ્યોગ) પસંદ કરવામાં આવ્યા છે. આ યોજના અંતર્ગત ગુજરાતમાં કુલ 1310 કારીગરની પસંદગી કરવામાં આવી છે. ઉત્પાદનોના પ્રોત્સાહન અને વિકાસ માટે ગુજરાત સ્ટેટ હેન્ડલૂમ એન્ડ હેન્ડીક્રાફ્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ દ્વારા પ્રદર્શનો અને માર્કેટિંગ પ્રવૃત્તિઓનું વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ યોજના હેઠળ આયોજન કરવામાં આવે છે. આ પ્રયાસોના પરિણામે લાભાર્થી કારીગરોને આર્થિક સશક્તિકરણ મળ્યું છે અને તેમના પારિવારિક જીવનમાં વિકાસના નવા અવસર ઊભા થયા છે.

બીજી તરફ ગુજરાત સરકારે રાજ્યના ODOP ઉત્પાદનોની પરિસ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે કુટીર અને ગ્રામ્ય ઉદ્યોગ વિભાગને જવાબદારી સોંપી છે. ODOP સંદર્ભમાં સંબંધિત વિવિધ વિભાગો અને કચેરીઓને સાથે લાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. કુટીર અને ગ્રામ્ય ઉદ્યોગ વિભાગે તેની નવી કૌશલ્ય અને ગ્રામ્ય ઉદ્યોગ નીતિમાં ODOP યોજનાને આવરી લઈને રાજ્યમાં ODOPને મજબૂત બનાવવા માટે વ્યાપક આયોજન તૈયાર કર્યું છે.

## ટ્રમ્પ પાસે મોદીના એવા કયા રાઝ છે કે તેમણે ઝુકવું પડે છેઃ કેજરીવાલ-માન




અમદાવાદઃ ટ્રમ્પે કહ્યું હતું કે તેમની પાસે નરેન્દ્ર મોદીજીના એવા રાઝ છે, જો એ રાઝ ખોલી નાંખે તો નરેન્દ્ર મોદીજીનું પોલિટિકલ કરિયર ખતમ થઈ શકે છે. તો અહીંયા સવાલ ઊભો થાય છે કે શું પોતાના રાઝ બચાવવા માટે આપણા આખા દેશને અમેરિકા સામે ગીરવી મૂકી દેવામાં આવ્યો છે? તેમ આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલજી અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને અમદાવાદમાં આયોજીત પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. કેજરીવાલ અને ભગવંત માને વધુમાં જણાવ્યું હતું કે, 'સરકારના બજેટથી સામાન્ય જનતાને મોટી અપેક્ષા હોય છે, પરંતુ ગુજરાત સરકારના બજેટમાં સામાન્ય લોકો, ખેડૂતો, વેપારીઓ, મહિલાઓ, બેરોજગાર યુવાનો કે કોઈપણ વર્ગ માટે કંઈ નથી.

# રંગીલા રાજકુમારને કારણે બ્રિટનના શાહી પરિવારની આબરૂના ધજાગરા થયા છે



કુખ્યાત એપ્સ્ટિન ફાઈલ્સ દ્વારા અત્યાર સુધીમાં જો કોઈ સૌથી મોટો શિકાર કરવામાં આવ્યો હોય તો તે બ્રિટનના કિંગ ચાર્લ્સના ભાઈ એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર છે. જેફ્રી એપ્સ્ટિનની જાળમાં ફસાયા બાદ જાહેર હોદ્દાના દુરુપયોગની શંકાના આધારે એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસરની ધરપકડ કરવામાં આવી હતી, પણ હવે તેમને તપાસ હેઠળ મુક્ત કરવામાં આવ્યા છે. પોલીસે અગાઉ કહ્યું હતું કે તેઓ દોષિત જાતીય ગુનેગાર જેફ્રી એપસ્ટેઇન સાથેના તેના સંબંધો અંગેના આરોપોના સંદર્ભમાં એન્ડ્રુની તપાસ કરવાનું વિચારી રહ્યા છે. તેઓ એવા આરોપોની સમીક્ષા કરી રહ્યા છે, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર દ્વારા બ્રિટનની સરકારને લગતી ગુપ્ત સામગ્રી જેફ્રી એપ્સ્ટિન સાથે શેર કરવામાં આવી હતી. આ પહેલી વાર હતું જ્યારે બ્રિટનના કોઈ ભૂતપૂર્વ રાજકુમારની ધરપકડ કરવામાં આવી હતી. દોષિત જાતીય ગુનેગાર જેફ્રી એપસ્ટેઇન સાથેના તેમના સંબંધો અંગે તેમના પર અનેક આરોપો છે. એપ્સ્ટિન ફાઈલ્સમાં તેમનું નામ બહાર આવતાં પેદા થયેલા વિવાદને કારણે ગયા વર્ષે તેમણે પ્રિન્સનું બિરુદ ગુમાવ્યું હતું અને તેમને વિન્ડસર કેસલ ખાતે રોયલ લોજ છોડવાની ફરજ પડી હતી.

મુદ્દો પોઈન્ટ
▪ સમકિત શાહ ▪

એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસર બ્રિટનના રાજા ચાર્લ્સના ભાઈ છે. દોષિત જાતીય અપરાધી જેફ્રી એપ્સ્ટેઇન સાથેના તેના સંબંધોની અઠવાડિયાની સઘન તપાસ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બકિંગહામ પેલેસે તેમના વિશે કહ્યું છે કે હવે રાજાના ભાઈ એન્ડ્રુ માઉન્ટબેટન-વિન્ડસર તરીકે ઓળખાશે. તેમના અંગત જીવન વિશેના પ્રશ્નોના જવાબમાં એન્ડ્રુએ ડ્યુક ઓફ યોર્ક સહિત તેમની અન્ય શાહી પદવીઓનો પણ ત્યાગ કર્યો હતો. કિંગ ચાર્લ્સે એન્ડ્રુની ધરપકડ પર કહ્યું કે કાયદાને તેનું કામ કરવા દેવું જોઈએ. આ મામલાની તપાસ સંપૂર્ણ, ન્યાયી અને વાજબી પ્રક્રિયા હેઠળ કરવામાં આવશે અને યોગ્ય અધિકારીઓ દ્વારા યોગ્ય રીતે તેનો ઉકેલ લાવવામાં આવશે. આ પ્રક્રિયામાં તેમને અમારો સંપૂર્ણ અને નિઃસ્વાર્થ ટેકો અને સહયોગ મળતો રહેશે. બ્રિટનનાં સ્વર્ગસ્થ રાણી એલિઝાબેથ II ના પ્રિય પુત્ર રહેલા ભૂતપૂર્વ પ્રિન્સ એન્ડ્રુ લાંબા સમયથી બ્રિટિશ શાહી પરિવાર માટે માથાનો દુખાવો રહ્યા છે.

એન્ડ્રુનો જન્મ ૧૯૬૦માં રાજકુમાર તરીકે થયો હતો. તેઓ રાણી અને તેમના પતિ પ્રિન્સ ફિલિપનું બીજું સંતાન છે. જ્યારે તેમના મોટા ભાઈ પ્રિન્સ ચાર્લ્સ રાજગાદીના વારસ બન્યા ત્યારે એન્ડ્રુએ શાહી માર્ગ તરીકે લશ્કરી સેવા પસંદ કરી હતી. નૌકાદળમાં હતા ત્યારે, તેમણે ૧૯૮૨ના ફોકલેન્ડ યુદ્ધ દરમિયાન હેલિકોપ્ટર પાઇલટ તરીકે લડાઇ મિશનમાં પણ ભાગ લીધો હતો. રોયલ નેવીમાં ૨૨ વર્ષ રહ્યા પછી એન્ડ્રુને ૨૦૦૧માં આંતરરાષ્ટ્રીય વેપાર અને રોકાણ માટે બ્રિટનના ખાસ પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. વર્તમાન પોલીસ તપાસ તે સમયગાળા સાથે સંબંધિત છે. ૨૦૦૮ માં એપ્સ્ટેઇનને એક સગીરને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવાના આરોપમાં દોષિત ઠેરવવામાં આવ્યા બાદ ૧૮ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી હતી. ૨૦૧૯ માં એપ્સ્ટેઈનની ફરીથી ધરપકડ થયા બાદ એન્ડ્રુએ એક ખૂબ જ અયોગ્ય ઇન્ટરવ્યુ આપ્યો હતો, જેમાં તેણે એપ્સ્ટેઈન સાથેના પોતાના સંપર્કોને ન્યાયી ઠેરવવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે તેની વ્યાપક ટીકા થઈ હતી. વિરોધ પ્રદર્શનો વચ્ચે એન્ડ્રુએ ૨૦ નવેમ્બર, ૨૦૧૯ ના રોજ જાહેરાત કરી કે તેઓ જાહેર ફરજોમાંથી રાજીનામું આપી રહ્યા છે.

પ્રિન્સ એન્ડ્રુના રોમેન્ટિક જીવન અને તેમના કેટલા અફેર હતા તેની કોઈ ચોક્કસ અને સત્તાવાર ગણતરી નથી. તેઓ અભિનેત્રીઓથી લઈને મોડેલ, મિસ બ્યુટી અને પ્લેબોય મોડેલ સુધીની ડઝનબંધ મહિલાઓ સાથે જોડાયેલા છે અથવા તેમના અફેર રહ્યા છે. વન-નાઇટ સ્ટેન્ડની સંખ્યા ઘણી વધારે છે. જો પુસ્તકો અને મીડિયા હેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો તેમણે તેમના સમગ્ર જીવનમાં ૧,૦૦૦ થી વધુ મહિલાઓ સાથે જાતીય સંબંધો બાંધ્યા છે. એવું કહેવાય છે કે થાઇલેન્ડની યાત્રા દરમિયાન એક જ દિવસમાં દસથી વધુ મહિલાઓ તેમના હોટલ રૂમમાં આવી હતી. ૨૦૦૬ માં તેમણે થાઇલેન્ડની ડાયમંડ જ્યુબિલીમાં ૪૦ થી વધુ મહિલાઓને આમંત્રણ આપ્યું હતું. પુસ્તકોમાં તેમના વિશે કરવામાં આવેલા દાવાઓ ખૂબ જ સનસનાટીભર્યા છે. ૧૯૮૬ માં, તેમણે સારાહ ફર્ગ્યુસન સાથે લગ્ન કર્યા, જે એક સામાન્ય નાગરિક હતી. તેમને બે પુત્રીઓ હતી. આ લગ્ન લાંબા સમય સુધી ટકી શક્યા નહીં. ૧૯૯૨ માં લગ્નજીવન તૂટી પડવાનું શરૂ થયું. ૧૯૯૬ માં તેમના છૂટાછેડા થયા. મહિલાઓ સાથે એન્ડ્રુના સંબંધોની અફવાઓ ચાલુ રહી.

ઓગસ્ટ ૨૦૨૧ માં, એપ્સ્ટેઇનના ગુનાઓનો ભોગ બનેલી વર્જિનિયા ગિફ્રેએ ન્યૂ યોર્કની કોર્ટમાં એન્ડ્રુ વિરુદ્ધ દાવો દાખલ કર્યો હતો, જેમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાજકુમારે જ્યારે તે સગીર હતી ત્યારે તેની સાથે સેક્સ કર્યું હતું. એન્ડ્રુએ આરોપોને નકારી કાઢ્યા હતા, પરંતુ તેમને તમામ લશ્કરી જોડાણો અને શાહી પરિવારની ચેરિટીમાંથી છીનવી લેવામાં આવ્યા હતા. તેમણે નાણાંકીય ચુકવણી સાથે કેસનો ઉકેલ લાવ્યો હતો. જો કે એન્ડ્રુએ પોતાનો ગુનો કબૂલ કર્યો ન હતો, પરંતુ તેણે સેક્સ ટ્રાફિકિંગનો ભોગ બનેલી ગિફ્રેના દુઃખને સ્વીકાર્યું હતું. ગિફ્રેએ એપ્રિલ ૨૦૨૫ માં ૪૧ વર્ષની ઉંમરે આત્મહત્યા કરી હતી. વાર્તા ત્યાં જ સમાપ્ત થઈ નહીં. ગયા વર્ષે ઈમેલના ખુલાસા બાદ રાજા ચાર્લ્સ ત્રીજાએ તેમના ભાઈ પાસેથી તેમની શાહી પદવી અને વિન્ડસરમાં તેમનું ઘર રોયલ લોજ છીનવી લીધું હતું. આ ઈમેઈલથી જાણવા મળ્યું કે એન્ડ્રુએ અગાઉ દાવો કર્યો હતો તેના કરતાં ઘણા લાંબા સમયથી તેઓ એપ્સ્ટિનના સંપર્કમાં હતા. ઇતિહાસકારો જણાવે છે કે લગભગ ૩૫૦ વર્ષ પહેલાં રાજા ચાર્લ્સ I ની ધરપકડ કરવામાં આવી હતી, તેમના પર કેસ ચલાવવામાં આવ્યો હતો અને પછી તેમને ફાંસી આપવામાં આવી હતી. તે ઘટનાએ બ્રિટનમાં રાજાશાહીનો અસ્થાયી રૂપે અંત લાવ્યો હતો. આ કારણે એન્ડ્રુની ધરપકડની તુલના હવે તે ઐતિહાસિક ઘટના સાથે કરવામાં આવી રહી છે. જો કે આ વખતે શાહી પરિવારની પરિસ્થિતિ ઓછી ગંભીર છે.

બ્રિટિશ રાજવી પરિવાર ભૂતકાળમાં અનેક કૌભાંડો અને આરોપોમાં ફસાયેલો રહ્યો છે. રિચાર્ડ ત્રીજા (૧૪૮૩) પર તેમના ભત્રીજાઓના ગુમ થવાનો આરોપ હતો. જેમ્સ II (૧૬૮૮)ને સત્તા પરથી દૂર કરવામાં આવ્યા હતા. એડવર્ડ આઠમા (૧૯૩૬) પર નાઝી જર્મની પ્રત્યે સહાનુભૂતિ રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. ૧૯૯૦માં મીડિયાએ પ્રિન્સેસ ડાયેના તથા રાજવી પરિવારના અંગત વિવાદો પર ખુલ્લેઆમ અહેવાલ આપવાનું શરૂ કર્યું હતું. આ કેસોમાં ભાગ્યે જ સીધી ધરપકડ કે ફોજદારી કાર્યવાહી થતી હતી. પહેલાં મીડિયા રાજવી પરિવારની ખાનગી બાબતોને છુપાવતું હતું. આજનો સમય અલગ છે. હવે સોશ્યલ મીડિયા અને ડિજિટલ પત્રકારત્વ સાથે બધું તરત જ જાહેર થઈ જાય છે. લોકોનો વિશ્વાસ હવે છબી અને પારદર્શિતા પર ટકે છે. એન્ડ્રુ પહેલાથી જ ઘણા વિવાદોમાં ફસાયેલા હતા, જેમાં શ્રીમંત વ્યક્તિઓ સાથેની તેમની નિકટતા, કેશ-ફોર-એક્સેસ વિવાદ અને વ્યક્તિગત નેટવર્કિંગના આરોપોનો સમાવેશ થાય છે. શું આનાથી બ્રિટિશ રાજાશાહીનું પતન થઈ શકે છે? કેટલાક નિષ્ણાતો માને છે કે આ વિવાદથી રાજાશાહી તાત્કાલિક સમાપ્ત થવાની શક્યતા નથી, કારણ કે એન્ડ્રુ હવે રાજા નથી અને બ્રિટનમાં રાજાની ભૂમિકા હવે ફક્ત પ્રતીકાત્મક છે. જો કે, આનાથી રાજાશાહીમાં અને શાહી પરિવારમાં જાહેર જનતાનો વિશ્વાસ નબળો પડી શકે છે. રાજાશાહીની પ્રતિષ્ઠાને નુકસાન થઈ શકે છે અને શાહી પરિવારને વધુ પારદર્શક બનવાની ફરજ પડી શકે છે. આજે રાજાશાહી સત્તા દ્વારા નહીં, પરંતુ જાહેર વિશ્વાસ દ્વારા ચલાવવામાં આવે છે અને તે સૌથી મોટો ખતરો છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**જો પુસ્તકો અને મીડિયા હેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો એન્ડ્રુ માઉન્ટબેટન વિન્ડસરે તેમના સમગ્ર જીવનમાં ૧,૦૦૦ થી વધુ મહિલાઓ સાથે જાતીય સંબંધો બાંધ્યા હતા**

## MD-MS માટે ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડનું મેરિટ જાહેર

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે MD, MS, Diploma, DNB (In-Service) મેડિકલ કોર્સોમાં પ્રવેશ માટે ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડની મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ ચોઈસ ફિલિંગનો પ્રારંભ થયો છે. પ્રવેશ સમિતિ દ્વારા પીન ખરીદી, રજિસ્ટ્રેશન તથા ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચકાસણી પૂર્ણ થયા બાદ કુલ 1,725 ઉમેદવારને મેરિટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં 158 નવા ઉમેદવારોનો સમાવેશ થાય છે. મેરિટ યાદી જાહેર થતાં આજથી ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરી છે. ઉમેદવારો 24મી ફેબ્રુઆરી 2026 સવારે 10:00 વાગ્યા સુધી પોતાની ચોઈસ ભરી શકશે. જ્યારે ભરેલી ચોઈસ બપોરે 1:00 વાગ્યા સુધી જોઈ શકાશે.

# અનુશાસન બાબતે ગુજરાત ભાજપા ઉદાહરણરૂપ છે : નિતીન નવીન

**કાર્યકર્તા** જ ભાજપાનો પ્રાણવાયુ છે, પરિશ્રમની પરાકાષ્ઠાના પરિણામે જ ભાજપા મજબૂત છે : રાષ્ટ્રીય પ્રમુખ

ગાંધીનગર : ગુજરાતે હંમેશા સંગઠનાત્મક દૃષ્ટિએ દેશને દિશાદર્શન આપ્યું છે. "મિનિમમ ઈનપુટ અને મેક્સિમમ આઉટપુટ", સમય વ્યવસ્થાપન અને અનુશાસન બાબતે ગુજરાત ભાજપા ઉદાહરણરૂપ છે. વરિષ્ઠ કાર્યકર્તાઓના ત્યાગ અને પુરુષાર્થથી ભાજપા આજે વિશાળ વટવૃક્ષ બની શકી છે. "રાષ્ટ્ર પ્રથમ, દલ પછી અને વ્યક્તિ અંતિમ"ના મંત્ર સાથે કાર્ય કરવાની ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીનએ હાકલ કરી ગહતી.

ગાંધીનગર ખાતે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ' મા ભાજપા રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીનનું કાર્યકર્તાઓએ ઢોલ-નગારાં અને જયઘોષ સાથે ભવ્ય સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે નીતિન નવીનની અધ્યક્ષતામાં સંગઠનાત્મક બેઠક યોજાઈ હતી.

નીતિન નવીનએ જણાવ્યું હતુ કે ગુજરાતે હંમેશા રચનાત્મક અને સંગઠનાત્મક દૃષ્ટિએ દેશને દિશાદર્શન પૂરું પાડ્યું છે. વરિષ્ઠ કાર્યકર્તાઓના સંઘર્ષ, પુરુષાર્થ અને ત્યાગના કારણે જ ભાજપા આજે વિશાળ વટવૃક્ષ બની શકી છે. ગુજરાત ભાજપાની કાર્યપ્રણાલી, અનુશાસન અને ટાઈમ મેનેજમેન્ટ દેશભરમાં ઉદાહરણરૂપ છે. "મિનિમમ ઈનપુટ અને મેક્સિમમ આઉટપુટ"વર્ષોથી ગુજરાત સંગઠનની ઓળખ રહ્યું છે. કાર્યકર્તા ભાજપાનો પ્રાણ છે, આત્મા છે.

નીતિન નવીનએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતની દરેક ચૂંટણીનું પરિણામ દેશને સંદેશ આપે છે, તેથી રાજ્યએ વધુ મજબૂતાઈ અને મક્કમતાથી ઉભું રહેવું જરૂરી છે. કેરળ અને બંગાળમાં ભાજપા કાર્યકર્તાઓ કઠિન પરિસ્થિતિમાં પણ લોકકલ્યાણ, રાષ્ટ્રવાદ અને રાષ્ટ્રનિર્માણની વાત લઈને ભાજપાને મજબૂત કરવા અવિરત કાર્ય કરી રહ્યા છે. કાર્યકર્તાએ ક્યારેય સંતુષ્ટ ન થવું જોઈએ,

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બેઠકમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, કાર્યકર્તા જ ભાજપાનો પ્રાણવાયુ છે. લાખો કાર્યકર્તાઓની પરિશ્રમની પરાકાષ્ઠાના પરિણામે જ ભાજપા મજબૂત છે અને આ વિશાળ વટવૃક્ષ બન્યું છે. ભાજપાનો કાર્યકર્તા પરિશ્રમવાદનો પર્યાય છે. ભાજપામાં પદ કરતા પક્ષ અને વ્યક્તિ કરતા વિચાર મોટો છે. ભાજપા કાર્યકર્તાઓમાં દેશની સંસ્કૃતિ સાથે સંસ્કાર વણાયેલા છે. ભારતીય જનતા પાર્ટી યુવાઓની પાર્ટી છે જેમાં યુવાઓને પ્રોત્સાહન આપવામાં આવે છે. તેઓએ સંકલન અને તાલમેલ સાથે જનતા વચ્ચે કાર્યરત રહેવા કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું.

આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત પ્રદેશ પદાધિકારીઓ, જિલ્લા-મહાનગરના પ્રમુખો અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## BUSINESS મિત્ર

# આગામી સપ્તાહમાં US સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર વર્તાશે

**શેરબજારમાં** અસ્થિરતા રહી, સતત ત્રીજા સપ્તાહમાં આઇટી શેરોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું

| ફોરેક્સ બજાર | |
|---|---|
| ડોલર | 90.98 રૂ. |
| યુરો | 107.03 રૂ. |
| પાઉન્ડ | 122.94 રૂ. |
| યેન | 0.5862 રૂ. |

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 21:** એઆઇના ભયની પાછળ વૈશ્વિક આઈટી શેરોમાં ભારે વેચવાલી જોવા મળી હતી, જેમાં ભારતીય આઈટી કંપનીઓ પણ બાકાત નથી. એવા સંજોગોમાં આઈટી શેરોમાં ભારે વેચવાલીથી અન્ય સેક્ટરો પણ દબાણમાં રહ્યા હતા. વિતેલા સપ્તાહમાં ભારે કડાકા બાદ પણ ધીમો સુધારો જોવાયો હતો. આ પરિસ્થિતિમાં ભારતીય શેરબજારમાં વેચવાલી ચાલુ રહી હતી, જોકે, સપ્તાહના અંતમાં અમેરિકાની સુપ્રિમ કોર્ટના ચુકાદાએ શેરબજારના ઘટાડાને બ્રેક મારી શકે છે. જેની અસર આવતા સપ્તાહમાં જોવા મળશે. અમેરિકાની સુપ્રિમ કોર્ટે જે ટમ્પના ટેરિફને રદ કરી દીધો છે, જે ચુકાદાથી વિશ્વના અનેક દેશોને લાભ મળશે, પણ આ ચુકાદાની સામે ટ્રમ્પે વિશ્વના તમામ દેશો પર 10 ટકા ટેરિફ લાગુ કરવાની જાહેરાત કરી દીધી છે. આમ, ફરીથી ટેરિફનો મુદ્દો ચગ્યો છે. ભારતની વાત કરીએ તો તાજેતરમાં ટ્રમ્પ દ્વારા ટેરિફની ઘોષણા કરી હતી અને તે ઘટાડીને 18 ટકા કરી છે, જેનું પ્રોડક્ટ વાઇઝ નિર્ણય બાકી છે. જેની સામે સુપ્રિમ કોર્ટના ચુકાદો આવ્યો અને ટેરિફ રદ કરવાનો ઓર્ડર આપ્યો હતો, તેની સામે ટ્રમ્પે ફરીથી વિશ્વના તમામ દેશો પર 10 ટકા ટેરિફ લગાવવાની જાહેરાત કરી દીધી છે, પણ આ ટેરિફ અને અગાઉના 18 ટકાના ટેરિફની ઘોષણા કરી છે, તેની ઉપર થશે કે માત્ર 10 ટકા રહેશે, જેની સ્પષ્ટતા નથી. આમ છતાં, આગામી સપ્તાહમાં મોટા ગેપ અપ ઓપનીંગ સાથે ખુલી શકે છે. આ દરમ્યાન અમેરિકાની કોર્ટ અને ટ્રમ્પની વધારાના પગલા પર નજર રહેશે. ગુરૂવારે તીવ્ર વેચવાલી હોવા છતાં, ભારતીય બેન્ચમાર્ક ઈન્ડેક્સ મધ્ય પૂર્વમાં વધતા તણાવને કારણે આઈટી શેરોમાં સતત વેચાણ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવ વચ્ચે સાધારણ વધારા સાથે અસ્થિર સપ્તાહનો અંત લાવ્યો હતો.

વિતેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ 187.95 અંક એટલે કે 0.22 ટકાના વધારા સાથે 82814.71 પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી 100.14 પોઈન્ટ એટલે કે 0.39 ટકા 25571.25ના સ્તર પર બંધ થયા હતા. વિતેલા સપ્તાહમાં નિફ્ટી મિડકેપ ઈન્ડેક્સ 0.35 ટકાના વધારા સાથે બંધ થયો હતો. જેમાં થર્મેક્સ, ઈન્ડિયન બેન્ક, ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ, હિટાચી એનર્જી ઈન્ડિયા, બેન્ક ઓફ ઈન્ડિયા, જીએમઆર એરપોર્ટ્સ, પેટ્રોનેટ એલએનજી, ભારત ડાયનેમિક્સ અને બેન્ક ઓફ મહારાષ્ટ્ર મિડકેપમાં સૌથી વધુ ગેઈનર્સ હતા. બીજી તરફ, બ્રેઈનબીઝ સોલ્યુશન્સ, ઓલા ઈલેક્ટ્રિક મોબિલિટી, હેક્સાવેર ટેક્નોલોજીસ, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ, વેદાંત ફેશન્સ અને ક્લીન સાયન્સ એન્ડ ટેક્નોલોજીમાં 6થી 18 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

બીએસઈનો લાર્જ-કેપ ઈન્ડેક્સ 0.40 ટકાના વધારા સાથે બંધ થયો હતો. પંજાબ નેશનલ બેંક, કેનેરા બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, કમિન્સ ઈન્ડિયા, બેંક ઓફ બરોડા અને હ્યુન્ડાઇ મોટર ઈન્ડિયા સૌથી વધુ લાભ મેળવ્યા હતા. વારી એનર્જીસ, ઈન્ફો એજ (ભારત), એટર્નલ, એસઆરએફ, ટેક મહિન્દ્રા, એલટીઆઈ ઈન્ફ્રી અને સ્વિગી ટોચના નુકસાન સાથે હતા.

તે જ સમયે, બીએસઈના સ્મોલકેપ ઈન્ડેક્સમાં 0.40 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. જેમાં એકિલોન નેક્સસ, ફિલાટેક્સ ફેશન્સ, ટ્રાન્સવર્લ્ડ શિપિંગ લાઇન્સ, ઝેગલ પ્રીપેઇડ ઓશન સર્વિસિસ, સ્ટેલિયન ઈન્ડિયા ફ્લોરોકેમિકલ્સ, એસઈપીસી, શોપર્સ સ્ટોપ અને પેન્નર ઈન્ડસ્ટ્રીઝમાં 16થી 22 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

બીજી તરફ, વીએલ ઇ-ગવર્નન્સ એન્ડ આઈટી સોલ્યુશન્સ, નોવાર્ટિસ ઈન્ડિયા, આરએસીએલ ગિયરટેક, કેઆરએન હીટ એક્સચેન્જર એન્ડ રેફ્રિજરેશન, ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા, એરોફ્લેક્સ ઈન્ડસ્ટ્રીઝ, નેટવેબ ટેક્નોલોજીસ ઈન્ડિયા, જ્યોતિ સ્ટ્રક્ચર્સ, ન્યૂજન સોફ્ટવેર ટેક્નોલોજીસ, સાધના નાઈટ્રોકેમ અને જિંદાલ પોલી ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઈનાન્સ કંપનીમાં 16થી 28 ટકાનો વધારો જોવા મળ્યો હતો.

આ સપ્તાહ દરમ્યાન લાર્સન એન્ડ ટુબ્રોમાં માર્કેટ કેપિટલાઈઝેશનમાં સૌથી મોટો વધારો જોવા મળ્યો હતો. ત્યારબાદ એશિયન પેઈન્ટ્સ, ટાઈટન કંપની અને એક્સિસ બેંકનો નંબર આવે છે. બીજી તરફ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, મારુતિ સુઝુકી ઈન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ટ્રેન્ટના માર્કેટ કેપિટલાઈઝેશનમાં ઘટાડો જોવા મળ્યો છે.

સેક્ટર વાઈઝ વાત કરીએ તો વિતેલા સપ્તાહમાં સેક્ટરોમાં મિશ્ર વલણ જોવાયું હતું.

## ટેરિફ પર સુપ્રીમ કોર્ટની બ્રેકથી સોના-ચાંદીમાં 'કરન્ટ'

**સ્પોટ** ગોલ્ડ $5071 પર પહોંચ્યું; ભારતીય બજારમાં સોનાનો ભાવ રૂ.1,56,993 અને ચાંદી રૂ.2.50 લાખને પાર

મુંબઈ, તા. 21ઃ યુએસ સુપ્રીમ કોર્ટના પારસ્પરિક ટેરિફ રદ કરવાના નિર્ણયથી સોના અને ચાંદીને પાંખો મળી છે. બંને કિંમતી ધાતુઓના ભાવમાં દેશ અને વિદેશમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. સ્પોટ ગોલ્ડ 1.5 ટકા વધીને 5071.48 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગયો છે. અહીં, ભારતમાં, કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સમાં પણ ગોલ્ડ વાયદામાં સાંજના ટ્રેડિંગમાં જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. જો કે, યુએસ જીડીપી ડેટા અપેક્ષિત કરતા નબળા અને ડોલરમાં નરમાશને કારણે સોનાના ભાવ પર પણ અસર પડી હતી.

વિદેશી બજારમાં અમેરિકન ગોલ્ડ વાયદો 1.7 ટકા વધીને 5080.90 ડોલર પ્રતિ ઔંસ પર બંધ રહ્યો છે. ચાંદીના ભાવ 5.8 ટકા વધીને 82.92 ડોલર પ્રતિ ઔંસ થયા છે. અહીં, ભારતમાં, એમસીએક્સમાં સાંજના કારોબારમાં ગોલ્ડ ફ્યુચર્સ અને સિલ્વર ફ્યુચરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. ગોલ્ડ ફ્યુચર્સ (એપ્રિલ ડિલિવરી) 2174 રૂપિયા અથવા 1.4 ટકા વધીને 1,56,993 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયો છે. ચાંદી વાયદો 10,649 રૂપિયા અથવા 4.41 ટકા વધીને 252042 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ રહ્યો હતો.

બીજી તરફ, 20 ફેબ્રુઆરીએ અમેરિકન શેરબજારમાં જબરજસ્ત ઉછાળો આવ્યો હતો. એવું કહેવામાં આવી રહ્યું છે કે યુએસ સુપ્રીમ કોર્ટના ટ્રમ્પ ટેરિફ ખતમ કરવાના નિર્ણયથી રોકાણકારો ખુશ છે. 23 ફેબ્રુઆરીએ ભારતીય શેરબજારો અને કોમોડિટી બજારો તેજી સાથે ખુલશે તેવી અપેક્ષા છે. ભારતીય શેરબજાર અને કોમોડિટી બજારો શનિવાર અને રવિવારે બંધ રહે છે. યુએસ સુપ્રીમ કોર્ટે 20 ફેબ્રુઆરીએ કહ્યું હતું કે ટ્રમ્પે તેમના અધિકારક્ષેત્રની બહારના દેશો પર પારસ્પરિક ટેરિફ લાદ્યા છે. ટ્રમ્પ માટે આ મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે આ સમયે સોના અને ચાંદીની કિંમતમાં વધારો ચાલુ રહી શકે છે. આનું મુખ્ય કારણ વૈશ્વિક અનિશ્ચિતતા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે. યુએસએ વ્યૂહાત્મક રીતે ગલ્ફ ક્ષેત્રમાં તેની સ્થિતિ મજબૂત કરી છે. કેટલાક અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે તેણે ઈરાન પર હુમલો કરવાની નક્કર યોજના બનાવી છે. જો અમેરિકા ઈરાન પર હુમલો કરશે તો તેનાથી ભૌગોલિક રાજકીય તણાવ વધશે. તેનાથી બુલિયન, ખાસ કરીને સોનાની ચમક વધશે. આવી સ્થિતિમાં સોનું નવી ઓલટાઈમ હાઈએ પહોંચી શકે છે. મોટા ઘટાડા બાદ ચાંદીના ભાવ આકર્ષક સ્તરે છે. ચાંદીનો ઔદ્યોગિક ઉપયોગ સતત વધી રહ્યો છે. આ કારણે તેની માંગ પુરવઠા કરતા વધુ છે.

# સુનાવણી માટે 3 મુદતો ન આપવાના કારણસર અરજદાર વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ રદ કરતો

### -નામદાર ગુજરાત હાઈકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**
**ઈશ્વર રૂદલાલ**

GST કાયદાની કલમ 75(5) અનુસાર કોઈ વ્યકિત દ્વારા વ્યાજબી કારણોસર સુનાવણી મોકુફ રાખવા જણાવવામાં આવે તો મહત્તમ 3 મુદતો આપવા માટેની જોગવાઈ કરવામાં આવેલ છે. ત્યારે નામદાર ગુજરાત હાઈકોર્ટે ચૂકાદાથી ઠરાવ્યું કે કલમ 75(5) અનુસાર કોઈ પણ વ્યકિતને સાંભળવા માટે મુદતો મળી શકે છે. ત્યારે તેટલી મુદત ન આપવાના કારણસર તેની વિરૂધ્ધ પસાર કરવામાં આવેલ આદેશ રદ કરવામાં આવેલ છે. ખેર ! નામદાર ગુજરાત હાઈકોર્ટના કૌશલ કૈલાસચંદ્ર દલાલ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના સ્પે. સી. એપ્લી.નં. 415/2026ના તા. 16-1-26ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત...**

અરજદારના કેસમાં અરજદાર દ્વારા જામીન અને તેની ઉપર બાંધવામાં આવેલ બંગલો ખરીદવામાં આવેલ. સપ્લાયર દ્વારા અરજદાર પાસેથી ઉઘરાવેલ વેરાની તેના દ્વારા ચૂકવણીનું પ્રમાણપત્ર મેળવીને વધુ ચૂકવાયેલ વેરાના રિફન્ડ માટે અરજી કરવામાં આવી કારણ કે ચૂકવાયેલ કિંમતમાં જમીનની કિંમત મોટી હતી જ્યારે સપ્લાયરે જાહેરતામાં અનુસાર કુલ વેચાણમાંથી 1/3 જેટલી જમીનની કિંમત બાદ કરીને બાકીની રકમ ઉપર પિટીશનર પાસેથી વેરો ઉઘરાવીને સરકારી તિજોરીમાં જમા કરેલ હતો. પરંતુ રિફન્ડની અરજી અંગે અધિકાર-ઓથોન્ટીફીકેશન ન હોવાના કારણે, ડેફીથીઅન્સી મેમો બજાવવામાં આવતા ફરીથી રીફન્ડની અરજી કરવામાં આવી. ત્યારબાદ ફરીથી રિફન્ડની અરજી નામંજૂર કરવા માટે તા. 1-10-25ના રોજ નોટિસ બજાવવામાં આવી. તો આવી નોટિશ બજાવ્યાના 15 દિવસમાં અરજદાર દ્વારા તા. 13-10-25ના રોજ, તેમના ટેક્ષ કન્સલ્ટન્ટ ટેક્ષ ઓડિટના કામમાં રોકાયેલ હોવાથી, મુદત આપવા માંગણી કરવામાં આવી પરંતુ તેને અવગણીને અરજદારની રિફન્ડની અરજી નામંજૂર કરતો તેજ દિવસે એક્ષપાર્ટી ઓર્ડર પસાર કરવાનો આવતા, અરજદાર દ્વારા તે આદેશને પડકારતી રીટ-પીટીશન ના.હાઈકોર્ટ સમક્ષ ફાઈલ કરવામાં આવી.

**દલીલ...**

અરજદાર વિધ્વાન એડવોકેટ તરફથી દલીલ કરતા જણાવવામાં આવ્યું કે નિયમ 92(3) અનુસરા, સમય મર્યાદામાં અરજદાર તરફથી મુદત માટે રજૂઆત કરવામાં આવેલ અને કલમ 75(5) મુજબ 3 મુદત આપવી જરૂરી હયો, તે આપ્યા વગર પસાર કરવામાં આવેલ આદેશ રદ કરવા પાત્ર છે.

**ચૂકાદો...**

ના.હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે આ કેસમાં સુનાવણી માટે મુદતની માંગણી અને રિફન્ડ અરજી નામંજૂર કરતા આદેશ બાબતે કોઈ તકરાર ન હતી. આ કેસમાં અરજદારની સુનાવણી માટે મુદત આપવા માટેની અરજી કોઈ જ નિર્ણય કર્યા વગર રિફન્ડની અરજી નામંજૂર કરતો આદેશ પસાર કરવામાં આવ્યો છે. ના.હાઈકોર્ટે કલમ 75(5)ની નોંધ લઈને જણાવ્યું કે 6 મુદત માંગી શકાય આવી કલમ 75(5) ની જોગવાઈ મુજબ અરજદારે 3 મુદતનો ઉપયોગ કર્યો ન હતો કે મુદત માંગેલ નથી એમ જણાવી તા. 13-10-25નો ઓર્ડર ગેરકાયદેસર ઠેરવી રદ કર્યો અને કેસ રીમાન્ડ કરી, અરજદારની રિફન્ડની અરજીનો, અરજદારને સાંભળવાની તક આપ્યા દ 12 અઠવાડિયામાં કાયદા અનુસાર નિર્ણય લેવા અધિકારીને ફરમાવ્યું.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ ’’ | ૧૧૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૩૩ | ૫૦/૩૬ ’’ | ૧૨૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૨૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૩૮ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૮૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૧૪.૫૦ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૨૧ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૬૧ |
| ૬૮/૩૬ | ૧૧૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૨ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૧૮ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૧૨ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૧૯ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૧૩ | ૮૦/૭૨ રોટો | ૧૨૦ | ૭૫ ક્રિમ્પ | ૧૧૬ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૫૮ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૨૯ | ૮૦ ક્રિમ્પ | ૧૧૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૧૭.૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૨૯ | ૮૦/૭૨ રોટો | ૧૧૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૧૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૨ | ૮૦/૧૦૮ ’’ | ૧૨૪ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૧૬ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૩૫૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૭૮૦ | કોપરેલ | ૬૩૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૫૮૦ | વનસ્પતિ ઘી | ૨૩૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૩૦ | સનફ્લાવર | ૨૩૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૫૦ | દિવેલ | ૨૪૯૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૩૫૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૦૫૦૦ |
| તેજાબી સોનું | ૧૬૦૪૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૨૪૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૫૭૨૯૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૦૫૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૫૯૦૦૦ |
| ચાંદી સિક્કા | ૨૬૦૫૦૦ |